# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ધારાસભ્યના હથોડીના ટકોરાએ ખોલી પોલ: 2 કિમીનું નબળું બાંધકામ તોડી પડાયું

# મહેમદાવાદના વાંઠવાડીમાં કેનાલ ભ્રષ્ટાચાર પર બૂલડોઝર ફરી વળ્યું

**ગાંધીનગર** અને નડિયાદની સંયુક્ત ટીમોની તપાસ બાદ આકરી કાર્યવાહી





(પ્રતિનિધિ) નડિયાદ તા.7

મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ગામે 2 કરોડ ઉપરાંતના ખર્ચે બની રહેલી માઈનોર કેનાલમાં વ્યાપક ભ્રષ્ટાચારની પોલ ખુલતા તંત્ર હરકતમાં આવ્યું છે. સ્થાનિક ધારાસભ્ય દ્વારા કેનાલની નબળી ગુણવત્તા અંગેના પર્દાફાશ બાદ ઉચ્ચ કક્ષાએથી તપાસ શરૂ કરાઈ હતી, જેના અંતે ભ્રષ્ટાચાર વાળી 2 કિલોમીટર લાંબી કેનાલ પર બુલડોઝર ફેરવી તેને ખોદી નાખવામાં આવી છે.

મહેમદાવાદના વાંઠવાડી પંથકમાં મહી સિંચાઈ વિભાગ દ્વારા નવી બનાવાતી કેનાલમાં હલકી ગુણવત્તાનું મટીરિયલ વપરાયું હોવાની બૂમરાણ ઉઠી હતી. ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે જાતે સ્થળ પર પહોંચી હથોડીના ટકોરા મારતા જ કોંક્રિટના પોપડા ઉખડવા લાગ્યા હતા. આ ઘટના બાદ ગાંધીનગર અને નડિયાદ સિંચાઈ વિભાગની ટેકનિકલ ટીમોએ 4 કિલોમીટર લાંબી કેનાલ પર 50થી વધુ સ્થળોએ તપાસ કરી હતી, જેમાં મોટાભાગના સ્થળોએ કામ અત્યંત નબળું હોવાનું બહાર આવ્યું હતું. સરકારી તપાસમાં ભ્રષ્ટાચાર સાબિત થતા તંત્રએ 2 કિલોમીટરના વિસ્તારમાં થયેલું નબળું કામ જમીનદોસ્ત કરી દીધું છે. એજન્સી દ્વારા માત્ર આર્થિક ફાયદો મેળવવાના આશયથી ખેડૂતોના હિતને જોખમમાં મૂકવામાં આવ્યું હોવાનું જણાતા હવે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવાની તૈયારીઓ ચાલી રહી છે. ખેડૂતોમાં સંતોષની લાગણી કેનાલના નબળા બાંધકામને તોડી પાડવામાં આવતા ખેડૂતોમાં સંતોષ જોવા મળી રહ્યો છે.

ધારાસભ્યએ સ્પષ્ટ કર્યું છે કે, ખેડૂતોના સિંચાઈ માટે સરકારી નાણાંના ખર્ચે થતા કામોમાં આવી લોલમલોલ ચલાવી લેવામાં આવશે નહીં અને હવે નિયત માપદંડો મુજબ જ મટીરિયલ વપરાય તે જોવાની જવાબદારી અધિકારીઓની રહેશે. આગામી દિવસોમાં આ મામલે સંડોવાયેલા અન્ય જવાબદારો સામે પણ તપાસનો ગાળિયો કસાય તેવી શક્યતા છે.

### આણંદના પ્રોફેસર મહિલા અને તેમના પરિવાર સાથે વિશ્વાસઘાત

# આણંદમાં શેરબજારના નામે 4.15 કરોડની છેતરપિંડી કરી

**નડિયાદની** 'કલ્પદ્રુમ ઇન્વેસ્ટમેન્ટ' કંપનીના પ્રોપ્રાઇટર સામે આણંદ ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદ શહેરની આર્ટસ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા મહિલા અને તેમના પરિવાર સાથે શેરબજારમાં રોકાણના બહાને 4.15 કરોડની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ આણંદ ટાઉન પોલીસ મથકે નોંધાઈ છે. નડિયાદની ઈન્વેસ્ટમેન્ટ કંપનીના સંચાલિકાએ વિશ્વાસ કેળવીને રોકાણ કરાવ્યા બાદ નાણાં પરત ન આપી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે.

આણંદના જ્ઞાનદીપ સોસાયટીમાં રહેતા નીનાબેન હરેશચંદ્ર પંડ્યા છેલ્લા સાત વર્ષથી નડિયાદની 'કલ્પદ્રુમ ઈન્વેસ્ટમેન્ટ' કંપનીના પ્રોપ્રાઈટર ભાવનાબેન શાહના પુત્ર રુષિત શાહ મારફતે શેરબજારમાં રોકાણ કરતા હતા. રુષિતભાઈએ નીનાબેન તેમજ તેમના બહેન સપનાબેનને ઉંચા વળતરની લાલચ આપીને વિવિધ સમયે અંદાજે 4.15 કરોડ જેટલી રકમનું શેરબજારમાં રોકાણ કરાવ્યું હતું.

જોકે, એપ્રિલ 2025માં રુષિતભાઈ શાહનું આકસ્મિક અવસાન થતા પરિવારે તેમના દ્વારા કરાયેલા રોકાણની વિગતો અને નાણાં પરત મેળવવા માટે રુષિતની માતા ભાવનાબેન શાહનો સંપર્ક કર્યો હતો. જોકે, શરૂઆતમાં ભાવનાબેને નાણાં પરત આપવાની ખાતરી આપી હતી, પરંતુ સમય જતાં તેમણે નાણાં આપવાનો ઈનકાર કરી દીધો હતો અને ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું.

આમ, પોતાના અને પરિવારના નાણાં ડૂબી ગયા હોવાનું જણાતા પ્રોફેસર નીનાબેને આખરે આણંદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ અંગે પોલીસે ભાવનાબેન મુકેશભાઈ શાહ (રહે. સ્નેહપાર્ક સોસાયટી, નડિયાદ) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સ્પાની આડમાં ચાલતું હાઈ પ્રોફાઈલ સેક્સ રેકેટ પકડાયું

**સ્પાના બે** સંચાલકો વિઝા પૂરા થયા હોવા છતાં વિદેશી યુવતી પાસે દેહવ્યાપાર કરાવતો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદના પોશ વિસ્તારમાં આવેલા 'શાન મોલ'માં સ્પાની આડમાં ધમધમતા દેહવ્યાપારના નેટવર્ક પર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે લાલઆંખ કરી છે. મોલના પ્રથમ માળે આવેલા 'ધ વન લીલી સ્પા' પર બાતમીના આધારે દરોડા પાડી પોલીસે આંતરરાષ્ટ્રીય સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે, જેમાં 8 વિદેશી અને 1 ભારતીય યુવતીને નરકમાંથી મુક્ત કરાવાઈ છે.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે ધ વન લીલી સ્પામાં દરોડો પાડી ત્રણ ગ્રાહકોને યુવતીઓ સાથે કઢંગી હાલતમાં પકડી પાડ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે સ્પાના સંચાલકો ગ્રાહકો પાસેથી શરીર સુખ માણવા માટે રૂ. એક હજારથી પાંચ હજાર સુધીની રકમ વસૂલતા હતા.

ચોંકાવનારી બાબત એ છે કે, પકડાયેલી વિદેશી યુવતીઓ પૈકી કેટલીકના ટુરિસ્ટ વિઝાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં તેમને ગેરકાયદે રોકી રાખી વેશ્યાવૃત્તિ કરાવવામાં આવતી હતી.

આ મામલે પોલીસે સ્થળ પરથી સંચાલક તુષાર હસમુખભાઈ પટેલ અને ગૌતમકુમાર રાયની ધરપકડ કરી છે, જ્યારે સ્પા માલિક વિકાસકુમાર રાય અને રોહિતકુમાર રાય ફરાર થઈ ગયા છે. જ્યારે પોલીસે ઘટનાસ્થળેથી રૂ. 84,350નો મુદ્દામાલ જપ્ત કરી કુલ 4 શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ તેજ કરી છે.

### બાકરોલના તાંત્રિકે ચાર વર્ષ સુધી ભાવનગરના વેપારી પાસેથી નાણાં પડાવ્યા

# આણંદમાં 'પૈસાનો વરસાદ' કરવાની લાલચ આપી 48.34 લાખની ઠગાઈ

**પૈસા પાછા** માંગતા વેપારીને જ્ઞાતિસૂચક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી




(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદના બાકરોલ વિસ્તારમાં તાંત્રિક વિધિ દ્વારા પૈસાનો વરસાદ કરવાની લાલચ આપી ભાવનગરના એક વેપારી પાસેથી અંદાજે રૂ.48.34 લાખ પડાવી લેવાની સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે વિદ્યાનગર પોલીસે બાકરોલના શખ્સ વિરુદ્ધ છેતરપિંડી અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાવનગરના ચિત્રા વિસ્તારમાં રહેતા વેપારી જયદીપભાઈ બાબુભાઈ વાઘેલાને બાકરોલના મહેમુદખાન અશરફખાન પઠાણે વિશ્વાસમાં લીધા હતા. મહેમુદખાને પોતાની પાસે તાંત્રિક શક્તિ હોવાનો અને પૈસાનો વરસાદ કરાવી આપવાનો દાવો કર્યો હતો. વર્ષ 2022થી 2024 દરમિયાન આરોપીએ અલગ-અલગ વિધિઓના બહાને અને 'ચોકી' શુદ્ધ કરવાના નામે વેપારી પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂ. 48,34,000 જેટલી મોટી રકમ પડાવી લીધી હતી.

અલબત્ત, લાંબો સમય વીતવા છતાં કોઈ પૈસાનો વરસાદ ન થતા અને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા વેપારીએ જ્યારે પોતાના નાણાં પરત માંગ્યા, ત્યારે આરોપી મહેમુદખાને ઉશ્કેરાઈ જઈને વેપારીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ગાળો આપી હતી. એટલું જ નહીં, નાણાં ભૂલી જવાની સૂચના આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

આ અંગે જયદીપભાઈએ વિદ્યાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહેમુદખાન પઠાણ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ નાયબ પોલીસ અધીક્ષક દ્વારા ચલાવવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચરોતર પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ પ્રભોલન આપીને સામાન્ય પ્રજા સાથે છેતરપિંડી કરવાના બનાવો વધી રહ્યાં છે.

# આંકલાવમાં પીકઅપ અને કાર અથડાતાં યુવકનું મોત

**રાજકોટના** દેવડા ગામે વિધિ પતાવી પરત ફરતી વખતે કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા.7

આંકલાવ તાલુકાના અંબાલી-ભેટાસી માર્ગ પર મહેન્દ્રા પીકઅપ અને ઈકો ગાડી વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મધ્યપ્રદેશના એક 45 વર્ષીય પ્રોઢનું કરૂણ મોત નીપજ્યું છે. પૂરઝડપે આવતી પીકઅપ ગાડીએ ઈકોને ટક્કર મારતા સર્જાયેલી આ દુર્ઘટનામાં ગંભીર ઈજાઓ થવાને કારણે હોસ્પિટલ પહોંચતા પહેલા જ શખ્સે દમ તોડ્યો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના રહેવાસી હુંગરીયાભાઇ વેસ્તીયાભાઇ બગેલ (ઉ.વ. 45) રાજકોટ જિલ્લાના દેવડા ગામે પોતાના સંબંધીના બારમાની વિધિમાં ભુવા તરીકે ગયા હતા. વિધિ પૂર્ણ કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે અંબાલી ગામ પાસે સામેથી પૂરઝડપે આવી રહેલી મહેન્દ્રા પીકઅપ (નંબર: જીજે-37-વી-6299) ના ચાલકે તેમની ઈકો ગાડીને જોરદાર ટક્કર મારી હતી.

આ ટક્કર એટલી પ્રચંડ હતી કે હુંગરીયાભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિકો દ્વારા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી અને તેમને વાસદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાંના ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે આંકલાવ પોલીસે મહેન્દ્રા પીકઅપના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મહીસાગરના જંગલોમાં વન્યજીવોની તરસ છીપાવવા 'ગજલર' કાર્યરત



મહીસાગર જિલ્લાના 61,687 હેક્ટરમાં ફેલાયેલા વિશાળ વનક્ષેત્રમાં વસતા અબોલ વન્યજીવો માટે આ કાળઝાળ ઉનાળામાં જ્યારે કુદરતી જળસ્રોતો સુકાઈ રહ્યા છે, ત્યારે વન વિભાગે વન્યજીવોને માનવ વસાહતો તરફ ભટકતા રોકવા માટે સરાહનીય કામગીરી હાથ ધરી છે. જિલ્લાના નાયબ વન સંરક્ષકના માર્ગદર્શન હેઠળ વનતંત્ર દ્વારા દુર્ગમ અને પહાડી વિસ્તારોમાં કૃત્રિમ જળકુંડ (ગજલર) કાર્યરત કરી વન્યજીવોની તરસ છીપાવવાનું ભગીરથ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ અંગે ખાનપુર રેન્જ ફોરેસ્ટ ઓફિસરના જણાવ્યા અનુસાર, અંતરિયાળ વિસ્તારોમાં આવા 7 થી 10 ગજલર બનાવવામાં આવ્યા છે, જ્યાં વનકર્મીઓ દિવસ-રાત પાણી ખૂટે નહીં તેનું ધ્યાન રાખે છે. આ વ્યવસ્થાને કારણે દીપડા, નીલગાય અને ઝરખ જેવા વન્યજીવોને જંગલના ઊંડાણમાં જ પાણી મળી રહે છે, જેના પરિણામે વન્યજીવ-માનવ સંઘર્ષની શક્યતાઓ ઘટી છે. **તસવીર : ગીરીશ પંચાલ**

### તારાપુર હાઈવે પર કારે રિક્ષાને ઠોકર મારી

# પેટલાદ નજીક ત્રિપલ અકસ્માતમાં વૃદ્ધનું મોત

**એક જ** પરિવારના પાંચ સભ્યો સહિત 6 લોકો ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) પેટલાદ તા.7

પેટલાદ-તારાપુર હાઈવે પર પંડોળી પાટિયા નજીક ગત છઠ્ઠી મેના રોજ એક પૂરઝડપે આવતી કારે રિક્ષાને અડફેટે લેતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં 60 વર્ષીય વૃદ્ધનું કરુણ મોત નીપજ્યું છે.

પેટલાદના દંતેલી ગામમાં રહેતા ગૌરાંગગીરી ગોસ્વામી પોતાના પરિવાર સાથે રિક્ષામાં સીજીવાડા જઈ રહ્યા હતા ત્યારે પંડોળી પાટિયા પાસે પાછળથી આવતી એક બલેનો કારના (નંબર: જીજે-૦૬-પી કે-૦૧૯૩) ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરને કારણે રિક્ષા ફંગોળાઈને રસ્તા પર ઉભેલા એક એક્ટિવા અને ટેમ્પો સાથે અથડાઈ હતી. આ ત્રિપલ અકસ્માતમાં એક્ટિવા લઈને ઉભેલા મેલાભાઈ મફતભાઈ ઠાકોર (ઉ.વ.60)ને માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને વધુ સારવાર માટે કરમસદ રિફર કરવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું હતું.

આ અકસ્માતમાં રિક્ષામાં સવાર શ્રદ્ધાબેન, જાનવી, શિવાની અને ઓમગીરી સહિત આખા પરિવારને તેમજ રસ્તા પર ઉભેલા રાહદારી મોહનભાઈ તળપદાને ઈજાઓ પહોંચતા પેટલાદની હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. આ મામલે પેટલાદ રૂરલ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

### વીડિયો વાયરલ થતાં વડતાલ પોલીસ એક્શનમાં આવી

# ગુતાલમાં વરઘોડામાં આધેડે દારૂની બોટલ સાથે ડાન્સ કર્યો

**પોલીસે** ગણતરીના કલાકોમાં જ આધેડની ધરપકડ કરી




(પ્રતિનિધિ) નડિયાદ તા.7

ખેડા જિલ્લાના વડતાલ પોલીસ મથકની હદમાં આવતા ગુતાલ ગામે લગ્નના વરઘોડામાં વિદેશી દારૂની બોટલ સાથે નશાની હાલતમાં જાહેર રસ્તા પર ડાન્સ કરતા એક આધેડનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની ગંભીરતા સમજી વડતાલ પોલીસે કલાકોમાં જ આરોપીને દબોચી લીધો છે.

નડિયાદના ગુતાલ ગામે તાજેતરમાં આયોજિત એક લગ્ન પ્રસંગના વરઘોડામાં ડીજેના તાલે લોકો નાચી રહ્યા હતા, ત્યારે ગામના જ અશ્વિન તળપદા નામના આધેડે હાથમાં વિદેશી દારૂની બોટલ રાખી ફિલ્મી ઢબે ડાન્સ શરૂ કર્યો હતો. આ કૃત્યનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા હતા. આ વીડિયો વાયરલ થતાની સાથે જ વડતાલ પોલીસની ટીમ સક્રિય બની હતી અને ટેકનિકલ સર્વેલન્સ તથા બાતમીદારોની મદદથી આરોપી અશ્વિન તળપદાના રહેઠાણ પર દરોડો પાડી તેની અટકાયત કરી હતી. પોલીસની પૂછપરછમાં તેણે નશાની હાલતમાં ઉત્સાહમાં આવીને આ કૃત્ય કર્યું હોવાનું કબૂલ્યું હતું. હાલમાં પોલીસે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કડક કાર્યવાહીને પગલે પંથકના અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં દારૂબંદીના ચુસ્ત અમલ માટે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે, આમ છતાં બુટલેગર ક્યાંકને ક્યાંક દારૂ વેચવામાં સફળ થઈ જાય છે.

# આણંદના 'સખી વન સ્ટોપ સેન્ટર'ની મદદથી માતા-પુત્રીનું મિલન થયું

**પશ્ચિમ** બંગાળની 10 વર્ષની બાળકી ટ્રેનમાં મુસાફરી દરમિયાન ભૂલથી આણંદ ઉતરી ગઇ હતી

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદમાં ટ્રેનમાં મુસાફરી દરમિયાન ભૂલથી ઉતરી ગયેલી પશ્ચિમ બંગાળની 10 વર્ષની બાળકી જિલ્લા વહીવટી તંત્રના માનવીય અભિગમને કારણે હેમખેમ પોતાના પરિવારને મળી છે. સખી વન સ્ટોપ સેન્ટર અને જિલ્લા બાળ સુરક્ષા એકમની સતર્કતાને પરિણામે એક મહિનાના વિરહ બાદ માતા-પુત્રીનું હૃદયસ્પર્શી મિલન થતા હાજર સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી.

આ ઘટનાની વિગત એવી છે કે, ગત 6ઠ્ઠી એપ્રિલના રોજ રાત્રે એક કલાકે આણંદ રેલ્વે સ્ટેશન પર રેલ્વે ચાઈલ્ડ લાઈનને એક 10 વર્ષની બાળકી બિનવારસી હાલતમાં મળી આવી હતી. આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે બાળકી પશ્ચિમ બંગાળના જલપાઈગૂડી જિલ્લાના ધૂપગીરી ગામની છે અને ટ્રેનમાં મુસાફરી દરમિયાન ઊંઘી જવાથી તે ભૂલથી આણંદ ઉતરી ગઈ હતી. સુરક્ષિત આશ્રય માટે તેને તાત્કાલિક 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે ખસેડવામાં આવી હતી.

અલબત્ત, શરૂઆતમાં ગભરાયેલી બાળકીને સેન્ટરના નિષ્ણાતો દ્વારા પ્રેમપૂર્વક સાંત્વના આપીને સતત કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું, જેના કારણે તેણે પોતાના વતનનું સરનામું આપ્યું હતું. આણંદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ બાળ સુરક્ષા એકમ અને સમિતિએ ત્વરિત કાર્યવાહી કરી પશ્ચિમ બંગાળના પોલીસ તંત્ર અને બાળકીના વાલીઓનો સંપર્ક સાધ્યો હતો.

દીકરી સુરક્ષિત હોવાની જાણ થતા જ તેની માતા આણંદ દોડી આવ્યા હતા. જરૂરી વહીવટી પ્રક્રિયા અને ખરાઈ પૂર્ણ કર્યા બાદ, 6 મેના રોજ આ માસૂમ દીકરીને તેની માતાને સોંપવામાં આવી હતી.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે, વહીવટી તંત્રની સતર્કતા અને માનવીય સંવેદનાને કારણે આ પરિવાર ફરીથી એકઠો થયો છે અને બાળકીનું ખોવાયેલું સ્મિત પાછું આવ્યું છે.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225